ગાંધીનગર સમાચાર

છુટ્ટા નાણાં નથી તો શાકભાજી મફતમાં લઈ જાવ

## @ગાંધીનગર

● શ્રી કષ્ટભંજન હનુમાનદાદાની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પેથાપુર ખાતે બપોરે ૧૨.૩૯ કલાકે તેમજ સાંજે ૫.૦૦ કલાકે શ્રીફળ હોમાશે. ત્યારબાદ મહાઆરતી યોજાશે.

●ખેલ મહાકુંભ ૨૦૧૬ની રાજયકક્ષા ઓપન ગ્રુપ ફુટબોલ તથા અંડર-૧૪ હોકી ભાઈઓ-બહેનો સ્પર્ધાનું ઉદઘાટન સાંજે ૫.૩૦ કલાકે સે-૧૫ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા ખાતે યોજાશે.

● જૈન દેરાસર સે-૩-ડી ખાતે આચાર્ય ભગવંત વાત્સલ્યદિપ સુરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં પ્રવચન સવારે ૯ થી ૧૦ યોજાશે.

● સરકારી જિલ્લા પુસ્તકાલય, સે-૨૧માં સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન જુના મહિલાઓ, બાળકો, આયુર્વેદિક, રમત-ગમત, વિજ્ઞાન, સાહિત્ય, શિક્ષણ, જયોતિષ જેવા વિષયોને લગતા સાયમિકોનું વેચાણ થશે.

# આજથી જિલ્લાના બે પેટ્રોલ પંપ પરથી નાણાં ઉપાડાશે

## એસબીઆઈ દ્વારા પેટ્રોલ પંપ પર પીઓએસ મશીન લગાવી બેંક ખાતામાંથી નાણાં ઉપાડવાની સવલતનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૮

નોટબંધીના પગલે શહેરમાં છેલ્લા એક સપ્તાહથી અફરાતફરીનો માહોલ સર્જાયો છે. સરકાર દ્વારા અફરાતફરીના પગલે એક પછી એક સુવિધા જાહેર કરવામાં આવી રહી છે. ગાંધીનગરમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા પેટ્રોલ પંપ પરથી 'પીઓએસ' મશીન દ્વારા બેંક ખાતામાંથી નાણાં ઉપાડવાની સવલત આપવામાં આવશે. આ સવલત તા. ૧૯મી નવેમ્બરથી ખ રોડ પરના એક પેટ્રોલ પંપ પરથી પ્રારંભ થઈ રહી છે.

બેંકોમાં નાણાં મેળવવા માટે લાગતી લાંબી લચ્ચક લાઈનોના પગલે હવે એસબીઆઈ દ્વારા નાગરિકોને પોતાના બેંક એકાઉન્ટમાંથી નાણાં ઉપાડવા માટે બેંકની શાખા સુધી લાંબા ના થવું પડે અને લાઈનોમાં ના ઉભું રહેવું પડે તે માટે વધુ એક ઉપયોગી વ્યવસ્થાનો પ્રારંભ કરાઈ રહ્યો છે. 'પોઈન્ટ ઓફ સેલ' તરીકે ઓળખાતા અને મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાં વપરાતા પીઓએસ મશીનો પેટ્રોલ પંપ જેવી જાહેર જગ્યાએ લગાડી તેના દ્વારા નાગરિકો પોતાના બેંક એકાઉન્ટમાંથી પૈસા ઉપાડી શકે તેવી વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. હાલના તબક્કે રાજયમાં આવી સવલત માત્ર બે જગ્યાએ કાર્યરત છે જેમાં મહેસાણા અને નડિયાદનો સમોવશ થાય છે. આવતીકાલથી હવે ગાંધીનગર જિલ્લામાં નારદીપુર તથા ગાંધીનગરના ખ રોડ પર પણ આ સવલતનો પ્રારંભ થશે. હાલ સવલત પ્રાયોગિક ધોરણે ચાલુ કરાશે અને યોગ્ય રીતે કાર્યરત થયા બાદ અન્ય સ્થળોએ પણ આ સવલત ચાલુ કરવા પ્રયાસો હાથ ધરાશે. વળી, હાલ આ પીઓએસ પરથી ખાતેદાર બેંકની લિમિટ મુજબ નાણાં ઉપાડી શકશે અથવા તેથી ઓછા નાણાં ઉપાડી શકશે તે સ્પષ્ટ જાણવા મળ્યું નથી પરંતુ આ સવલત નોટબંધીના માહોલમાં નાગરિકો માટે વધુ એક સુવિધા બનવાને પગલે રાહત આપવાનું કાર્ય જરૂર કરશે તેવું લાગી રહ્યું છે.



## વાતવાતમાં

● શહેરના ચ-૦ સર્કલ પાસે એક વેગનઆર કાર લોખંડના વિજ પોલ સાથે અથડાઈને સર્કલમાં ઉભી થઇ ગઈ હતી જો કે આ અકસ્માતમાં કારમાં સવાર મુસાફરોને સામાન્ય ઈજા પહોંચી હતી પરંતુ કારને ભારે નુકશાન થવા પામ્યું હતું.

● નોટબંધીને પગલે શહેરના નાના તેમજ મોટા વેપારીઓનો વેપાર નહિવત રહેતા વેપારીઓ બેસીને વિવિધ રમતો રમીને ટાઈમ પસાર કરી રહ્યા છે. જયારે ચા નાસ્તાની લારીઓવાળા વેપારીએ બંધ રાખતા શહેરમાં વેકેશનનો માહોલ સર્જાયો છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની બેંકોમાં નવી ચલણી નોટોનો પુરવઠો ખુટી જતા પેમેન્ટ અટકી જવા પામ્યા હતા. બેકમાંથી પેમેન્ટ અટકી જતા ગ્રામ્ય વિસ્તારના રહીશો ખાસ કરીને લગ્નપ્રસંગ જેના ઘરે હોય તેવા ગ્રામજનો કફોડી પરિસ્થિતિમાં મુકાયા છે.

● ગાંધીનગરના સે-૧૫ના ફતેપુરા ગામના ૧૦૦ વર્ષની આયુ ધરાવતા પાલીબેન મોતીજી ઠાકોરનું નિધન થવા પામ્યું છે. જીવન શતક પુરુ કરનાર પાલીબેનનું અવસાન કુદરતી મૃત્યુથી થવા પામ્યું છે.




**બીબીએના વિદ્યાર્થીઓ ઈમર્જન્સી સેવાનું મેનેજમેન્ટ શીખ્યા**

રાજયભરમાં ૧૦૮ એમ્બ્યુલન્સ એ તાત્કાલિક ઈમરજન્સી સર્વિસ માટે ૨૪ કલાક સતત કાર્યરત હોય છે. દિવસ રાત સંપૂર્ણ સતર્કતાથી રાજયભરમાં તમામ ઈમર્જન્સી કોલને માત્ર ગણતરીની જ મિનિટોમાં સેવા આપવી તેમજ આ સતર્કતા હંમેશા જાળવી રાખવા સાથે તેમાં વધુ ને વધુ સુધારો કરતા જેવું તેની પાછળ એક અદભૂત મેનેજમેન્ટ સીસ્ટમ રહેલી છે. ગાંધીનગરમાં બિઝનેસ એડમિનીસ્ટ્રેશનનો અભ્યાસ કરતા બીબીએ કોલેજના ૭૩ વિદ્યાર્થીઓએ આ સીસ્ટમ સમજવા જીવીકે-ઈએમઆઈઆરની રૂબરૂ મુલાકાત લીધી હતી. જયાં તેમને રાજેન્દ્ર પારઘી તથા નિસર્ગ પટેલે માર્ગદર્શન પુરું પાડયું હતું. તેમણે ૧૦૮ ઉપરાંત ૧૮૧, ૧૦૦ તથા ખિલખિલાટ જેવી સેવાઓના કોલ કેવી રીત હેન્ડલ કરવામાં આવે છે તે સમજવ્યું હતું.

# ૩૩ ગુનાઓની કબુલાત કરનાર ચોર ૭ દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર એલસીબીની ટીમે મુંબઈના નાલા સોપારાના એક અલગારી ચોરને દબોચી લીધો હતો તેની પુછપરછમાં ૭ મોંઘીદાટ ગાડીઓની ચોરી સહિત કુલ ૩૩ ચોરીના ગુનાના ભેદ ઉકેલાયા હતા. અડાલજ પોલીસે મુખ્ય સુત્રધાર શખ્સને કોર્ટમાં રજુ કરતાં ૨૩ તારીખ સુધીના રિમાન્ડ કોર્ટે મંજુર કર્યા છે. અડાલજ પોલીસે અન્ય સુત્રધારોને પકડવા તથા બીજે કયાં કયાં ગુનાઓ આચર્યા છે તેની વિગતો બહાર લાવવા સઘન પુછપરછ શરુ કરી છે.

મુંબઈના નાલા સોપારાના વિસ્તારનાં જુનેદ શેખ નામના શખ્સને ગાંધીનગર એલસીબીએ ફોર્ચ્યુનર ગાડી તથા ચોરીના મુદ્દામાલ સાથે શેરથા ત્રણ રસ્તા પાસેથી પકડી પાડયો હતો. તેની પુછપરછમાં ૭ ગાડીઓની ચોરી તથા ૨૭ ગાડીના કાચ તોડી અંદરથી કિંમતી ચીજવસ્તુઓની ચોરીના ગુજરાત-મુંબઈના કુલ ૩૩ ગુનાઓનો ભેદ ઉકેલાયો હતો. આ શખ્સની વધુ પુછપરછમાં બહાર આવ્યું કે તેની સાથે તેનો એક મિત્ર હસન શેખ પણ ચોરી કરતો હતો અને તે બંને ચોરીનો માલ મુંબના એક વેપારી મિત્રને ચોર બજારમાં વેચી દેતા હતા. અડાલજ પોલીસે જુનેદની ધરપકડ કરી વધુ તપાસ માટે કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેની પુછપરછ માટે ૨૩ તારીખ સુધી ૭ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. તેને આધારે અડાલજ પોલીસે જુનેદના સાગરીત અને ચોરીનો માલ રાખનાર રીસીવરની ધરપકડ માટે ચક્રો ગતિમાન કરી અન્ય ચોરીઓ કરી છે કે કેમ? તેની તપાસ આરંભી છે.

## ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર યુનિસેફ દ્વારા આજે પરિસંવાદનું આયોજન

ગુજરાત પ્રેસ અકાદમી ગાંધીનગર યુનિસેફ જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે બેન્કવેટ હોલ, હોટલ ફોર્ચ્યુન હવેલીમાં તા.૧૯ નવેમ્બર ૨૦૧૬, શનિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે હેલ્ધી ચીલ્ડ્રન ફોર એ બ્રાઈટ ફયુચર વિષય પર એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં યુનિસેફ પ્રતિનિધિ આરોગ્ય અને ન્યુટ્રીશન વિશે જણાવવામાં આવશે. મુખ્ય અતિથિ ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલકભાઈ ત્રિવેદી હાજર રહેશે. આમ ગાંધીનગરના નાયબ માહિતી નિયામક દ્વારા જણાવવામાં આવે છે.

# સિવિલ હોસ્પિટલની લેબમાં બ્લડ સેમ્પલ ટેસ્ટ વિના પડી રહ્યું

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની લેબમાં કર્મચારીઓની બેદરકારી દિનપ્રતિદિન વધતી જાય છે. દર્દીઓને સેમ્પલ તેમજ રિપોર્ટ ગુમ થયા હોય તેમજ ના મળ્યા હોય તે નવી વાત નથી. લેબ કર્મચારીઓ રીઢા બની ગયા હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. અનેકવારની ક્ષતિઓ છતા તંત્રના અધિકારીઓ કોઈપણ એકશન લેતા ના હોવાથી કર્મચારીઓ બેફિકરા બની ગયા છે. જિલ્લાની હોસ્પિટલ દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થઈ રહી છે. દર્દીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે તેવા સમયે વારંવાર લેબોરેટરીના કર્મચારીઓ નિષ્કાળજી સામે આવતા લેબના રીપોર્ટની વિશ્વસનીયતા પર પણ અનેકવાર સવાલ ઉભા થયા છે. ત્યારે હોસ્પિટલમાં આઠમાં માળે ૨૨ વર્ષીય દર્દીને બીપીની તકલીફ હોવાથી ગતરોજ દાખલ કરવામાં આવ્યો હતો. આ દર્દીને ભુખ્યા પેટે બ્લડ સેમ્પલ આપવાનુ હોવાથી આખીરાત ભુખ્યા રહીને સવારે ૬ કલાકે દર્દીએ બ્લડ આપી ને સેમ્પલ લેબોરેટરીમાં આપી આવ્યો હતો. લેબમાં હાજર કર્મીએ સેમ્પલને ટેબલ પર મુકવા જણાવ્યું હતું. ત્યારબાદ દર્દી પોતના વોર્ડમાં પરત ફર્યો હતો. આજે બપોરના સુમારે દર્દી રિપોર્ટ લેવા ગયો ત્યારે ખબર પડી કે તેનું બ્લડ સેમ્પલનો રીપોર્ટ નીકળ્યો નથી તેમજ તે સેમ્પલ થીજી ગયુ હોવાથી નકામુ બની ગયુ હતું. દર્દીને ફરીવાર પ્રોસેસ કરવી પડી હતી. પરંતુ ઉલ્લેખનીય છે કે લેબ કર્મીઓની ભુલને પગલે દર્દીની સારવારમાં એક દિવસ ખેંચાયો હતો. દર્દીને કડવો અનુભવ થતા દર્દી ખુદ પણ ચોંકી ઉઠયો હતો. પરંતુ ના લેબ કર્મીઓની વારંવાર બેદરકારી સામે આવી રહી છે ત્યારે કડક અમલવારી થાય તેવુ દર્દીઓ અને સ્વજનો ઈચ્છી રહ્યા છે.

## અરણ્યભવનનાં કર્મીઓને એજન્સીએ નવી નોટોથી પગાર કરી આપ્યો

આઉટ સોર્સીંગ એજન્સીએ અરણ્યભવનમાં કોન્ટ્રાકટ હેઠળ કામ કરતા ૬૦ જેટલા કર્મચારીઓને ગત માસનો પગાર રદ થયેલી ૫૦૦-૧૦૦૦ની ચલણી નોટો થપાવીને કરતા મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. વચેટીયો મોકલીને કર્મચારીઓને શંકા કરી નવી નોટોથી પગારની બાંહેધરી આપત મામલો શાંત પડયો હતો. આજે બીજે દિવસે સવારે જ એજન્સીના માણસે ચેક અને નવી ચલણી નોટોની કેશ સાથે અરણ્યભવન આવી પહોંચ્યા હતા અને જે કર્મચારીઓને બેંક ખાતા છે તેમને ચેકથી અને જેને બેંક ખાતા નથી તેમને નવી ચલણી નોટોની કેશથી પગાર ચુકવી દેતા કર્મચારીઓએ રાહતનો દમ લીધો હતો.

# જુની નોટ લઈશું પણ છુટ્ટા પરત નહીં આપીએ

ગાંધીનગર, તા.૧૮

સરકારની નોટબંધીની જાહેરાતની સાથે સાથે જુની ૫૦૦/૧૦૦૦ની ચલણી નોટો બેંકો ઉપરાંત પેટ્રોલ પંપ, સીએનજી ફિલીંગ સ્ટેશન, સિવિલ હોસ્પિટલ ઉપરાંત સકારી સેવાઓ જેવી કે ઈલેકટ્રીસીટી, ટેલિફોન વગેરેના બીલની ચુકવણીમાં પણ સ્વીકારવામાં આવશે તેવી જાહેરાત કરાઈ છે. જો કે જાહેરાતના પગલે ગાંધીનગરના ચરેડી પાસે યુજીવીસીએનએલની ઓફિસે વીજબિલના નાણાં ભરવા જનાર ગ્રાહકો માટે કંપનીના પોતાના નિયમો ઉભા કરી ગ્રાહકોને બિલ રકમ ઉપરાંતની વધેલી રકમ પરત કરવાની થતી હોય તો તે આપવા ઈન્કર કરી ધરાર વધુ નાણાં ઉઘરાવી લેવાય છે જેના કારણે ગ્રામીણ વિસ્તારના નાના મધ્યમ વર્ગીય અને જરૂરિયાતમંદ પરિવારોને પારવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગાંધીનગરમાં ઉત્તર ગુજરાત વિજ કંપની લિ. જિલ્લામાં વિજ પુરવઠો પુરો પાડે છે. ગાંધીનગરનો તમામ ગુડા વિસ્તાર આ યુજીવીસીએલની વિજળી વાપરે છે. સરકારે નોટબંધી સાથે વીજબીલના નાણાંની ચુકવણી પેટે ૫૦૦/૧૦૦૦ની નોટ સ્વીકારવાની સવલત જાહેર કરી છે આ કારણે ગ્રામ્ય વિસ્તારના વિજધારકો તાજેતરમાં

**જુની ૫૦૦/૧૦૦૦ની ચલણી નોટ સ્વીકારવા સામે યુજીવીસીએલની બિલના વધતા નાણાં છુટ્ટાની સગવડ હોવા છતાં પરત કરવામાં આડોડાઈ : ગ્રામ્ય વિસ્તારના વિજ ગ્રાહકો પરેશાન**

ઈશ્યુ થયેલ વિજબીલના નાણાં ભરવા યુજીવીસીએલની ઓફિસે પહોંચી રહ્યાં છે. જયારે ગ્રાહક બિલના નાણાં પેટે ૫૦૦ કે ૧૦૦૦ની નોટ આપે છે ત્યારે પહેલા તો તેની પાસે આઈડીપ્રુફની કોપી માંગવામાં આવે છે જેના પર ૫૦૦/૧૦૦૦ની ચલણી નોટોના નંબર લખાવાય છે. ગ્રાહકોને આ બાબત ખબર ના હોવાથી અને યુજીવીસીએલ કચેરી નજીક કોઈ ઝેરોક્ષ સેન્ટર પણ ના હોવાથી ગ્રાહકોને ધરમધક્કા પડી રહ્યાં છે. વળી, એકવાર ઝેરોક્ષ લઈને આવ્યા પછી તેના પર ચલણી નોટોના નંબર લખાવ્યા બાદ જ તેને સ્વીકારવામાં આવે છે પરંતુ આ નોટની સામે બિલ રકમથી ઉપર વધતા નાણાં પરત આપવામાં આવતા નથી બલ્કે ચલણી નોટોની પુરી કિંમતની રસીદ બનાવી નાણાં જમા લઈ લેવામાં આવે છે. આ કારણે ગ્રાહકોને બજેટ કરતા વધુ ખર્ચ થઈ જવાથી બાકીના ખર્ચાઓ માટે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

ઉદાહરણ તરીકે એક વિજ ગ્રાહકને રૂ. ૩૫૦નું વીજ બીલ આવ્યું હોય અને તે જો રૂ. ૫૦૦ની ચલણી નોટ આપે તો યુજીવીસીએલના કાઉન્ટર પર અન્ય ગ્રાહકોએ જમા કરાવેલી ૧૦, ૨૦, ૫૦, ૧૦૦ વગેરે નોટોનો જથ્થો પડયો હોય છતાં ગ્રાહકના ખાતામાં કુલ ૫૦૦ રૂપિયા જ જમા કરી બિલથી ઉપરના નાણા આવતા બિલમાં જમા મળશે તેવું કહી દેવાય છે. જો ગ્રાહક તેમ કરવા ઈન્કાર કરે તો તેને રૂ. ૩૫૦ ખુલ્લા આપવા ફરજ પડાય છે પરંતુ પોતાની પાસે ખુલ્લા નાણાં હોવા છતાં તે ગ્રાહકને આપવામાં આવતા નથી. આ અંગે યુજીવીસીએલના અધિકારી પી.ડી. ગોહેલે અમને ઉપર કંપનીમાંથી આદેશ છે તેવો જવાબ આપ્યો હતો. યુજીવીસીએલના વલણને પગલે ગ્રામ્ય વિસ્તારના મધ્યમ તથા ગરીબ વર્ગીય ગ્રાહકો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે.



ગાંધીનગર જિલ્લા બાળ સુરક્ષા કચેરી ગાંધીનગર દ્વારા ૧૪મી નવેમ્બર બાળદિન ઉજવણી નિમિત્તે વિવિધ દાતાશ્રી સાથે સંકલન કરી જિલ્લાના બાળ સંભાળગૃહ-ખાસ બાળગૃહ સેકટર-૧૯ તથા સરકારી બાળ સંભાળ ગૃહ સંસ્થામાં કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકો જેવા કે અનાથ, નિરાધાર, ત્યજેલા બાળકોને પ્રવાસ દ્વારા આનંદપ્રમોદ, નવું નવું જાણવા મળે તે હેતુસર અમદાવાદ અને કાંકરીયા તળાવ, બાલવાટીકા, નગીનાવાડી, અડાલજવાવ, સાબરમતી ગાંધી આશ્રમ જેવા જોવાલાયક સ્થળોએ પીકનીકનું આયોજન કરાયું હતું. આ પ્રવાસમાં કુલ ૪૮ બાળકો સાથે સંસ્થાના કર્મચારીગણ સહિત સૌ એ પ્રવાસનો રસાસ્વાદ માણ્યો હતો. જિલ્લા બાળ સુરક્ષા કચેરી ગાંધીનગરના સુરક્ષા અધિકારી વિજયભાઈ ડી. પરમારે જણાવ્યું હતું કે બાળક આવતીકાલના નાગરિકો છે. દેશનું ભવિષ્ય છે. આવા નિરાધાર બાળકો ને વેકેશન દરમિયાન વિવિધ પ્રવૃત્તિ સાથે પિકનીક કરાવી બાળકોને પ્રોત્સાહન પુરું પાડવાનો ઉમદા કાર્ય સેવા યજ્ઞ રૂપે પ્રયત્નશીલ રહે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

# છુટ્ટા નાણાં નથી તો શાકભાજી મફતમાં લઈ જાવ

## નોટબંધીના પગલે મોટા માથાંઓનું તે જે થવું હશે તે થશે પરંતુ નાના વેપારીઓને પોતાનો માલ મફતમાં આપી દવો પડે તેવી હાલત : હાલના સંજોગોમાં દહેગામના વેપારીએ દાખવેલી સદભાવના ગ્રાહકોને સ્પર્શી ગઈ

ગાંધીનગર, તા.૧૮

સરકારનો નોટબંધીનો નિર્ણય આગામી દિવસોમાં બજારમાંથી ફુગાવો નાબૂદ કરી મોંઘવારી ઘટાડશે તેવી દલીલો બચાવ પક્ષે કરવામાં આવી રહી છે. જો કે હાલ તો નોટબંધીના નિર્ણયના પગલે રોજબરોજનો છુટક વેપાર કરી પેટીયું રળતા શાકભાજીના નાના વેપારીઓ તથા ફેરિયાઓને પોતાનો માલ 'મફતમાં' આપી દેવો પડે તેવી પરિસ્થિતિ પેદા થવા પામી છે. જો આ સ્થિતિ વધુ સમય રહેશે તો મોટા કાળા બજારિયા ધનકુબેરોને લક્ષ્યાંક બનાવવાના બહાના હેઠળ કરાયેલ નોટબંધી કયાંક ગરીબોનો રોટલો પણ દુષ્કર ના બનાવી દે...!!

ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં થતી શાકભાજીની ખેતીના પગલે અહીં શાકભાજીનું બજાર વિકસેલું છે. હાલ દેશભરમાં લાગુ કરાયેલ નોટબંધીના કારણે અન્ય બજારોની જેમ આ શાકમાર્કેટને પણ મંદીના મોજાએ ઘેરી લીધું છે. નોટબંધીના કારણે જિલ્લામાં ઉભી થયેલ છુટ્ટાની તંગીએ દહેગામના બજારોમાં 'મફત શાકભાજી'ના પાટિયાં ઝુલતા કરી દીધા છે. શાકભાજી આમ તો દરેક ઘરની રોજીંદી જરૂરિયાત છે પરંતુ શાકભાજીના ખેડૂતો તથા વેપારીઓ માટે આ માલ લાંબો સમય સંઘરી રાખી શકાય તેવો ના હોવાથી તેનું ઝડપથી




ટર્નઓવર થવું જરુરી હોય છે. જિલ્લામાં નોટબંધીના પગલે છુટ્ટા નાણાંની કટોકટી સર્જાઈ છે. જેના પગલે નાગરિકોએ પોતાના ખર્ચાઓ પર ભારે અંકુશ લગાવ્યો છે. દરેક વ્યકિત અત્યારે શકય હોય તેટલો ઓછો ખર્ચ કરી વધુને વધુ છુટ્ટા નાણાં પોતાના હાથવગા રાખવા ઈચ્છે છે. કારણકે બજારમાં મંદીનું મોજુ ફરી વળ્યું છે અને વેપાર ધંધા પર અસર પડી છે આ સંજોગોમાં દહેગામમાં એક શાકભાજીના વેપારીએ છુટ્ટા નાણાંની તંગીથી અકળાઈને પોતાનો માલ તદન 'મફત'માં આપી દેવાની જાહેરાત કરી છે.

પોતાનો માલ તદન મફતમાં આપવા પાછળ વેપારીની માલ બગડી જવાની મજબુરી કરતા પણ વધુ તો નોટબંધીના કારણે છુટ્ટા નાણાંની તંગીની અસરથી પરેશાન જનતાને રાહત આપવાની સદભાવના પણ વધુ રહેલી છે. પોતાના છુટ્ટા નાણાં વપરાઈ જશે તે બીકે જે નાગરિકો શાકભાજી સુધ્ધાં ખરીદવાનું ટાળી રહ્યા છે તેમને વેપારીએ છુટ્ટા નાણાંની મુશ્કેલી ભુલી વિના મુલ્યે શાકભાજી લેવા નિમંત્ર્યા છે. આ રીતે પોતાના વેપારનો માલ વિના મુલ્યે આપી દેવા તૈયાર થયેલા શાકભાજીના વેપારીની કેટલાક કટાક્ષમાં ટીકા કરી રહ્યા છે પરંતુ મોટાભાગના ગ્રાહકો તેને હાલના સંજોગોમાં દર્શાવેલી સદભાવના ગણીને તેને બિરદાવી રહ્યાં છે.

## આજે સાઈ ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત રાજયકક્ષાની ઓપન ગૃપ ફુટબોલ અને અન્ડર-૧૪ ગૃપ માટે હૉકી સ્પર્ધાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સેકટર-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સાઈ સંકુલ ખાતે તા. ૧૯મી નવેમ્બરથી વર્ષ ૨૦૧૬ ખેલ મહાકુંભ રાજયકક્ષા ઓપન ગૃપ ફુટબોલ તથા હોકીની અન્ડર-૧૪ કેટેગરી માટે પુરુષ અને મહિલા બંને વિભાગની સ્પર્ધાનો પ્રારંભ થશે. આ સ્પર્ધાનું ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના અધ્યક્ષ સ્થાને ઉદઘાટન કરવામાં આવશે.

રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા સાઈ ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત રાજયકક્ષાની ઓપનગૃપ ફુટબોલ તથા અન્ડર-૧૪ ગૃપ હોકી સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ સ્પર્ધા તા. ૧૯મી નવેમ્બરથી તા. ૪થી ડિસેમ્બર દરમિયાન યોજાશે. સાઈ સંકુલ ખાતે આવતીકાલે સાંજે ૫.૩૦ કલાકે ઉદઘાટન સમારંભ યોજાશે જેમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર અધ્યક્ષપદે તેમજ ધારાસભ્ય અશોકભાઈ પટેલ અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે.

## ચિરવિદાય

- સ્વ. અમથીબેન વિઠ્ઠલદાસ પટેલ, ઉ.વ. ૭૯
- સ્વ. પાલીબેન મોતીજી ઠાકોર, ઉ.વ. ૧૦૦